રોજ કતારો લાગતી થાય ન દર્શન પ્રાપ્ત
વારો આવે માંડ ત્યાં ઈશ્વર થાય સમાપ્ત

એને દેવો હોય છે સાચુકલો આરામ
તેથી ગમતા લોકને રાખે છે ગુમનામ

કઠિયારો તાકાતનું એમ કરાવે ભાન
ડાળી જે ના તૂટતી એના તોડે પાન

સંજોગોની ટોળકી કરતી ઝૂંટાઝૂંટ
ધોળે દહાડે ચાલતી હાવભાવની લૂંટ

કેવી રીતે હોજરી સુંદર સ્વચ્છ રખાય
કૈંકના ઘરમાં ભૂખની રોજ શિબિર યોજાય

એક ટપાલી આંગણે આવીને મૂંઝાય
રંગોળી પર કેમની કાળોતરી ફેંકાય

આવે છે ક્યારેક પળ એવી તો ગુણવાન
આંખો મીંચી લે તરત દેખી ઘર વેરાન

હકડેઠઠ

મંચ અને ફૂટપાથમાં છે એક વાત સમાન
શાલ ઓઢતા બેઉની સરખી છે મુસ્કાન

પળપળમાં છે થીંગડાં એનું પહેલા બોલ
શાને માટે શોધવી પરંપરાની પોલ!

તડમાંથી જન્મ્યું કિરણ ઘરને નથી સ્વીકાર્ય
લાગ્યું લાંછન ભીંતને ભંગ થયું કૌમાર્ય

જઈ રહ્યો છું કઈ તરફ એથી હુંય અજાણ
ધૃતરાષ્ટ્રના હાથથી છૂટેલું છું બાણ!

સાધુઓ વિસરી ગયા સંચરવાની મોજ
બેઠા છે માથા ઉપર આશ્રમના લઈ બોજ

શાખ, ઘરેણાં, હળ, બળદ, ઘર, ખેતર ગુમ થાય
એમાં બાકી હોય તો પલકારો ખોવાય

સગવડ, શાંતિ, શિસ્તતા હેમખેમ જળવાય
સંબંધોમાં ઉંબરો ઘરની જેમ રખાય

હકડેઠઠ

એનો રથથી ઊતરી કર્યો ન તેં પરમાર્થ!
જેના દુઃખ દેખી તને બોધ મળ્યો સિદ્ધાર્થ

આભના વનમાં પ્હોંચજો ગાજો પગના ગીત
જીવ જો તનને શીખવે ઊડી જવાની રીત

દેખીને વાંધો પડ્યો, સૂતો છે દરવાન!
જાણ પછીથી થઈ કે છે એનું ખુદનું મકાન

કોઈ તૂટી ડાળથી કાયાને ના ચીર
જોઈ જશે જો ક્યાંકથી તો શરમાશે તીર

દાસી પટરાણી થતાં સ્વચ્છ થશે માહોલ
તખ્ત ઉપર લઈ બેસશે તખ્ત તળેની પોલ

મહેણું મારે રંગનું એને તરત જ વીંધ
કાચીંડા તું આંગળી નભની સામે ચીંધ

છોડી એની આશને તારા દુઃખમાં રાચ
દેહ કરે જો વૈતરૂં એને લાગે નાચ

પીંછામાં વીંટળાઈને માથે સ્પર્શે આભ
થાતો કોની ભૂલથી આવો બમણો લાભ

એના કફનમાં માખીઓ સામટી મારે ઘૂસ
કાલ સુધી કહેતા હતા જેને મખ્ખીચૂસ

કોઈ સિતારાથી નથી ઓછી મહત્તા લેશ
હૈયે લિસોટો પાડતો કોઈ ખરતો કેશ

ગોળ ન એની કોણીએ ચોંટાડો મહેબૂબ
મોંમાં જેના જીભ છે લાંબીચોડી ખૂબ

જીવે તો ક્યાં જઈ જીવે મોટો છે આ સવાલ
સ્મશાનમાં મડદા મળે બહાર મળે મુડદાલ

તારી મૂર્તિ બસ અહીં એક જ છે મતદાર
હાથને જોડી યાચતી દુનિયા ઉમેદવાર

કોઈના વશમાં થાય તો કપાય એનું નાક
પાણીને ગમશે નહીં જોશીલો તૈરાક

કોઈના સાજા, કોઈના છે બહેરા આરાધ્ય
ધીમા-મોટા વાગતા આજીજીના વાદ્ય

બાંધો કોઈ એકને દુઃખ થાય નહીં દૂર
પેટની સાથે આંખને પાટાની હો જરૂર

ભીંતે દેખે પોપડા જુએ ન ઉપન્યાસ
બોદી નજરો કાઢશે વેવાઈનો ક્યાસ

કોઈ ચરમ સુખ આપતો ભીતરનો આ ખેલ
ખોટું ખોટું લાગવું બહારથી ગાફેલ

કપરું જીવન જોઈને ખૂણે ભરાયા ભાઈ
દરવાજે ઊભી રહી ધંધાવાળી બાઈ

કોઈ હવાથી ના થશે વાંકો એમનો વાળ
ગાળ ઉપર ખાઈ જતા જેઓ ધાણાદાળ

ગર્ભવતી સ્ત્રીમાં પ્રથમ આવે આ બદલાવ
બે જણના દેખાય છે એક ચેહરે મુખભાવ

હકડેઠઠ

કપટી વાદળનો પછી થાતો પર્દાફાશ
કૈંક ઘરોની છત ઉપર ઢોળાતી કડવાશ

જ્યારે રાજી થાઉં ને બે પળ બેસું શાંત
તો આ મનને થાય છે હોવાનો કલ્પાંત!

શું છે આખો મામલો પહેલા જઈને પૂછ
આંસુ માફક પર્ણના ઝાકળને ના લૂછ

રાચરચીલું હોય જે ક્રમથી ઘટતું જાય
કોઈ ઘરોમાં એમ પણ સાફસફાઈ થાય

કોઈ ન્યાયાધીશ તો કરશે એને મુક્ત
એક કઠેડો માનતો પોતાને અભિયુક્ત

એકાદી વીંટી હજી આવું આવું થાય
આંગળીઓના સંપ પર તલવારો તોળાય

વાસણ લીધાનો હરખ રાખે ના દરકાર
કંસારાના અક્ષરો ના હો મરોડદાર!

રોજ પરોઢે થાય છે નદીઓ એમ નિરાશ
કોને ખબર ક્યાં ક્યાં થઈ આવ્યો હોય પ્રકાશ!

કોઈ મોઢે આપણું બોલાતું જો નામ
બે પળ માટે લાગતું લાગ્યું હોય ઇનામ

શક્ય છે તારી માન્યતા બીજી હોય કદાચ
સત્ય નહીંતર હોય છે એક તૂટેલો કાચ

કોણ કરે છે આ રીતે છેકછાકનું કામ
દાણા પર ખાનારનું બદલી નાખે નામ

કોઈને હોવો જોઈએ એનો ન સ્હેજે ખેદ
ખુદની થાળીમાં કરે કોઈ જો પોતે છેદ

હાલ અને ઉંમર વિશે બેઉં કરતા જંગ
ઝાંખી ભીંતો ઘૂરતી રંગોળીના રંગ

સિક્કા માફક આંખમાં ચમકે છે તારીખ
રોજ ઊઠીને પામતા ભીંતે લટકતી ભીખ

હકડેઠઠ

કૈંક કેટલી આંખમાં સ્મારક એના સ્થપાય
કોઈ કુમળા સત્યનું માથું ક્યાંક કપાય

ખુદના ખડતલ દેહને જોઈ વિચારે ગરીબ
છટકી શેનું હાથથી ફૂટી જાય નસીબ

આંસુઓ આઘા રહી એના પર ગીન્નાય
પારકી આભા જોઈને જે આંખો હરખાય

ઘાતની કૂખે અવતરી હકથી જીવ માંગે જ
જિદ્દીલો આઘાત તો જાણે હો ભાણેજ

આમ પ્રસિદ્ધિ સાથ ના છેડો ફાડી નાખ
સૌની માફક ખાનગી લેણદેણ તો રાખ!

જીવ લઈને પહોંચે નહીં મૃત્યુ નભને ગામ
તો જ શક્ય છે કે મળે સાચું મુક્તિધામ

જોઈ સ્વયંનું આચરણ પસ્તાતી આ જાત
ખુદને મારી ના શકી નફરત સાથે લાત

હકડેઠઠ

સૂર્ય નવા ઘડવા મથે ને પરગજુ કહેવાય
આમ છે આશય એટલો તારા વધુ ઢંકાય

કરતી માનવ બાબતે કુદરત સૌને સચેત
મીંડા જેવું મુખ દઈ શું દે છે સંકેત?

ક્યાંક વીર તો ક્યાંક છે અબળાનું કલ્પાંત
હોય નપુંસક ના કદી વ્યંઢળનું એકાંત

તારી કવિતાના મુખે કોઈ ઘુમટો આપ
રસ્તે કરશે મશ્કરી કોઈ તવંગર છાપ

કોઈ સૂની આંખની માની લો દરખાસ્ત
ક્યારે કરશો હાંફતી ભરચકતા બરખાસ્ત

શોકસભામાં ફૂલની, દેખી સ્હેજ કચાશ
કોઈ ભેદી કારણે આવી ના ભીનાશ

સારા નરસા રૂપમાં પ્રગટે થઈને વિચાર
મૂળ સ્વરૂપે હોય છે મનના મંત્રોચ્ચાર

ભમરો, વેણી, બાગ ને દેવચરણની વાટ
કેમ હજીયે પુષ્પનો શમ્યો નથી તલસાટ

લાગે છે ક્યારેક તો આંખો અગ્નિકૂંડ
દોડી આવે ક્યાંકથી ભડકાઓના ઝૂંડ

સચવાશે છેવટ સુધી છોને લાગે કાટ
શોધી લઈને ક્યાંકથી માણસાઈને દાટ

કોની અંદર કેટલું ક્યારે થાય ધડામ
અંગત સૌનું હોય છે એક વિસ્ફોટક નામ

સમજે છે તખ્તો કોઈ રાતોની સરકાર
ઊતરીને છાતી ઉપર રોજ ભરે દરબાર

પાસ રહીને મોભીઓ છેટું રાખે એમ
હસતું મોઢું જોઈને કારણ પૂછાય કેમ?

મૂળને ખાતર ના કરો ડાળીને બદનામ
જે પળમાં જ્યાં હોઈએ એ જ આપણું ગામ

હકડેઠઠ

ચિતરાવે એની ઉપર લોકો તરસના સૂત્ર
જે દીવાલો પી જતી પડછાયાનું મૂત્ર

નજર પડે ત્યાં તો તરત થઈ જાતી એ ફાળ
જ્યાં લગ એને ના જુઓ ત્યાં લગ છે ઘડિયાળ

તપ જોઈ નવરાશનું મહેનત બહુ ગભરાય
ફળ પોતાના ભાગનું અન્ય ન હડપી જાય!

ખાલીપાનો જોઈને ભપકો ઠાંસોઠાંસ
પરપોટાને વાગશે હવા બનીને ફાંસ

ઊજળી પ્રતિભાને કદી લાગે ના અલગાવ
ઝાંખી પ્રતિભાની તરફ ઝાઝો છે અહોભાવ

આંખ હોય કે ફૂલ ત્યાં શોભે ના બે બૂંદ
તો જ નિખરશે દૃશ્ય જો આવે જળનું વૃંદ

આપે દીધા વાયદા થઈ રહયા છે દેવ
હવે સુધારો આપની જીવલેણ આ ટેવ

હકડેઠઠ

ખુદના જીવનથી અહીં દૂર રહી જીવાય
અમથી અમથી ખીચડી બીરબલની વખણાય

યોગ્ય દિશાઓ સૂચવે સમજો એના વહેણ
એમ જીવનને તારશે સૌના કડવા કહેણ

વાત અમારી છે જ ક્યાં અમે રહ્યા ગાફેલ
જોઈ તને લે એટલું કોણ હતું કાબેલ?

તોય હિલોળા મારતું શું ઝંખે આ ઘેન
શા માટે ભરઊંઘમાં પણ ના પડતું ચેન

મેઘધનુનું અપહરણ ભેદી રીતે થાય
પરપોટાની કેદમાં મૂંઝાતું દેખાય

મોજાઓના જોશથી સજ્જડ છે કપ્તાન
મુસાફરો સમજી રહ્યા શૂરવીરની શાન

પીરસાયો છે આભનો પકવાન ભર્યો થાળ
લાવારસના નામની ધરતી પાડે લાળ

જ્યાં ફાનસના ચિત્રની ભીંતે ચોડી ભેટ
કૂદ્યું ગોખથી કોડિયું ઊડી ગઈ દિવેટ

ઘેરાયો ઉપકારથી ગઢ જીવનનો, લાજ
આગામી શ્વાસો ઉપર કોનું થાશે રાજ

સ્પર્શી રાજી થઈ શકો માની લો, છે રંગ
પણ બોલો આંખો વિના ક્યાંથી થાશો દંગ?

લિંગ પરિવર્તન કરે જ્યારે કોઈ વાક્ય
થાય રૂપાંતર પંક્તિમાં સેંથી પૂરે કાવ્ય

પ્રેમ પરખમાં એ બધા અવ્વલ આવે તોય
આંસુની છો જોડણી ભૂલભરેલી હોય

ખાલી મુઠ્ઠી ખોલતા તેથી તો ગભરાય
ક્યાંક બને કે ટેરવા ફરશ ઉપર વેરાય

લોકો તારી ક્યાંક ના જોઈ જાય બખોલ
ધૂળ દંભની ઝાપટી ચોખ્ખેચોખ્ખું બોલ

તું પણ ખુદના નામની પાડીને જો બૂમ
સ્થિર હવામાં શક્ય છે પડઘાશે 'મરહૂમ'

એણે ચડાવ્યો છે ભલે લાચારીનો ઓપ
નીચે બળતો હોય છે કોઈ ફકીરી કોપ

કિસ્સો આંખોમાં હતો વેરાયેલો એમ
કચરાપેટીમાં પડ્યા પત્રના ટુકડા જેમ

બીડું ના વાળે કદી ફક્ત જમાવે રોજ
આભનું તો તાંબૂલ છે તંબોલીની મોજ

કૈંક જીવનમાં જોઈ છે પાછી એ ય સચોટ
સમંદરોમાં નહીં મળે ભરતી વિનાની ઓટ

આવી આવી રોફથી કરતા રોજ નિરાશ
ક્યાં છે એવા સત્ય જે વાળે સત્યાનાશ

કોઈને પૂછ્યા વિના જાણો એનો હાલ
સ્હેજ નજરને ચૂકવી એનો જુઓ રૂમાલ

હકડેઠઠ